**ક્રિ.કેસ નં.૧૪૦૩/૨૦૦૭**

## <u>આંક–૧ લગત હુકમ</u>

૧. કેસનું રેકર્ડ વંચાણે લીધુ. સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૨. આરોપીઓ સામે નોંધાયેલ ફરીયાદ આધારે તપાસના અંતે ફરીયાદપક્ષે હાલનું ચાર્જશીટ રજુ કર્યા બાદ સદર કામના **આરોપી નં.૯, ૧૩, ૧૬, ૧૮, ૨૩** નાઓએ હાજર થઈ ગુનાની કબુલાત કરેલ છે. જેથી નામદાર કોર્ટ ધ્વારા તેઓને યોગ્ય દંડ કરી તેમની વિરૂધ્ધનો કેસ બંધ કરેલ છે. જયારે સદર કામના **આરોપી નં. ૧ થી ૮, ૧૦ થી ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૯ થી ૨૨ તથા ૨૪ થી ૨૭** નાઓને વાંરવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપીઓને સમન્સ/વોરંટની બજવણી કરવામાં પોલીસ નિષ્ફળ ગયેલ છે. આ કામ સમન્સ ટ્રાયેબલ પધ્ધતીથી ચલાવવાનું હોઈ, તેના ઉપર સમન્સ ટ્રાયલની જોગવાઈ લાગુ પડે છે. આરોપીઓ નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા નથી તેમજ ના. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.ડી/૨૯૧૭/૦૬, તા.૧૭/૧૦/૨૦૦૬ ને ધ્યાને લેતા, આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કિક અંત સુધી જઈ શકાય તેમ નથી. કેસ રેકર્ડ જોતા આરોપીઓ મળી શકે તેવી શકયતા જણાતી નથી. વધુમાં **પ્રમોદ કુમાર લાલબહાદુર વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો A.I.R. 2002, 1856** નો ચુકાદો ધ્યાને લેતા, જે તે કોર્ટ જ નિર્ણય લઈ શકે કે કયા કેસમાં કલમ–૨૫૮ મુજબ કાર્યવાહી કરી શકાય. જેથી સદરહુ કેસ આગળ ચલાવવો યોગ્ય અને ન્યાયીક જણાતો ન હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>::: હુ ક મ :::</u>

(૧) આ કામના **આરોપી નં. ૧ થી ૮, ૧૦ થી ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૯ થી ૨૨ તથા ૨૪ થી ૨૭ નાઓ** સામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે હાલના કેસની કાર્યવાહી બંધ (સ્ટોપ પ્રોસીડીંગ) કરી, **આરોપી નં. ૧ થી ૮, ૧૦ થી ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૯ થી ૨૨ તથા ૨૪ થી ૨૭** નાઓને આ કામે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી/ આરોપીઓ પાછળથી પકડાઈ આવે તો તેની ઉપર આ કામનું તહોમત મુકી કાર્યવાહી કરવા માટે ભારતીય ફોજદારી ધારાની કલમ–૩૦૦(૫) મુજબની પરવાનગી આપવામાં આવે છે, જે માટે આ અદાલતની ફરીથી પરવાનગી જે–તે સમયે લેવાની જરૂર રહેશે નહીં.

(૩) જો આરોપી/આરોપીઓ રોકડ રકમની જામીનગીરી ઉપર જામીન મુકત થયેલ હોય, તો રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) કોઈ કીંમતી મુદ્દામાલ હોય તો તે અંગે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. હુકમમાં કોઈ શરતો ફરમાવેલ હોય તો તે શરતો આથી રદ્દ કરવામાં આવે છે. જો મુદ્દામાલ અંગે કોઈ હુકમ થયો ન હોય તો તેના સાચા માલિકની તપાસ કરી જરૂરી ઈન્કવાયરી કરી, મુદ્દામાલ તેના સાચા માલિકને સુપ્રત કરવો.

(૫)	વ્યાજબી સમયમાં મુદ્દામાલના સાચા માલિક સામે ન આવે તો સદર મુદ્દામાલ સરકાર ખાલસા કરવો અને તેની ઉપજ સરકાર ખાતે જમા કરાવવી. તેમજ બિનવેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ – નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ રોકડ નાણાં જો હોય તો તે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લો.અ./ સ્પેશયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬<br>
અમદાવાદ(સીટી).<br>
(લો.અ.–સ્પે.સીટીંગ)

(ડી.એચ.ખંભાતી)<br>
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,<br>
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૬)